<u>આંક – ૧ લગત હુકમ</u>

પોલીસ દ્વારા દાખલ ચાર્જશીટ અને કેસ પેપર્સ વંચાણે લીધા. આ કેસમાં તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી સામે ઇ.પી.કો. કલમ – ૧૮૮ મુજબ દાખલ એફ. આઇ. આર. ના આધારે તપાસ કરી ચાર્જશીટ દાખલ કરી છે. ઇ.પી.કો. કલમ – ૧૮૮ સી.આર.પી.સી મુજબ કોગ્નીઝેબલ ગુનો છે. પરંતુ સી.આર.પી.સી. ની કલમ – ૧૯૫ ધ્યાને લેતા ઇ.પી.કો. કલમ – ૧૭૨ થી ૧૮૮ મુજબ ગુનાઓ માટે કોર્ટ ત્યાં સુધી કોગ્નીઝન્સ ન લઇ શકે જ્યા સુધી આ ગુનાઓમાં સંબંધિત રાજ્ય સેવક / અધિકારી છે કે વહીવટ તરીકે તેમના ઉપરના અધિકારી લેખિત ફરીયાદ કોર્ટમાં દાખલ ન કરે. આ કેસમાં પોલીસ દ્વારા જે ચાર્જશીટ દાખલ કરી છે એમા જણાવે છે કે પોલીસ કમિશ્નરનાં જાહેરનામાનો ભંગ થયેલ છે પરંતુ આ કેસમાં પોલીસ કમિશ્નરશ્રી કે તેમના ઉપરના અધિકારી દ્વારા કોર્ટમાં લેખિત ફરીયાદ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ નથી. <u>દોલતરામ વિ. સ્ટેટ ઓફ પંજાબ એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૨૦૬</u>માં નામ. સુપ્રીમ કોર્ટે એવુ ઠરાવેલ છે કે મજિસ્ટ્રેટ દ્વારા પોલીસ રીપોર્ટ ઉપર લેવામાં આવેલ કોગ્નીઝન્સ માં આરોપી તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય અને સી.આર.પી.સી. કલમ – ૧૯૫ લાગતી હોય તો આ સજા મેજિસ્ટ્રેટ હકુમત વિના ગણાય અને કર્યવાહી *Void–ab initio* થઇ જાય.

નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા <u>રામજી ભીખા કોલી વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૯ સી.અર.એલ.જે. ૧૨૪૪</u> માં એવુ ઠરાવેલ છે કે કોર્ટમાં સી.આર.પી.સી. ની કલમ – ૧૯૫ માં જણાવેલ ગુનાઓમાં લેખિત ફરીયાદ મેજિસ્ટ્રેટ રુબરુ દાખલ કરવી ફરજિયાત છે અને નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા આ કેસમાં આરોપી સામે કેસ ખારીજ કરી ફરીયાદ પક્ષને નવી રીતે કાયદા મુજબ કાર્યવાહી કરવાની સ્વતંત્રતા આપેલી. નામદાર પટના હાઇકોર્ટ દ્વારા <u>બીજો યાદવ વિ. સ્ટેટ ઓફ બિહાર (૨૦૦૬)૦ સુપ્રીમ (પટના) ૧૧૧૬</u> માં એવુ ઠરાવેલ છે કે, જે રાજ્ય સેવક / અધિકારીના હુકમનો ભંગ થયેલ હોય તેજ રાજ્ય સેવક / અધિકારી કે તેમના વહીવટ તરીકે ઉપરના અધિકારી ઇ.પી.કો. કલમ – ૧૮૮ મુજબની લેખિત ફરિયાદ કોર્ટમાં કરી શકે થે એને તે રાજ્ય સેવક / અધિકારી તેમના તાબા હેઠળના અધિકારીને ફરિયાદ દાખલ કરવા ઓથોરાઇઝ પણ કરી શકે નહી. સી.આર.પી.સી. ની કલમ – ૧૯૫ અને ઉપર મુજબના ચુકાદાઓ ધ્યાને લેતા હું માનું છું કે ઇ.પી.કો. કલમ – ૧૮૮ માં પોલીસ ચાર્જશીટ ન કરી શકે તથા કોર્ટ ચાર્જશીટને કમ્પલેન્ટ તરીકે પણ ન લઇ શકે. આ કેસમાં કોર્ટ દ્વારા આરોપી સામે કોગ્નીઝેન્સ લેવા કાયદાકીય બાધ નડતો હોય આ ચાર્જશીટના આધારે કોઇ કાર્ટવાહી કરવાની રહેતી નથી અને ચાર્જશીટ ને દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

**તારીખ ૨૬–૦૬–૨૦૨૨**

**(એ.એમ.મેહતા)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ**
**ફસ્ટ કોર્ટ, સુરત.**